7 હું એવો ગુજરાતી

વિનોદ જોશી



(જન્મ: 13-08-1955)

વિનોદ હરગોવિંદદાસ જોશીનું વતન બોટાદ છે. તેઓ ભાવનગર યુનિવર્સિટીમાં ભાષાભવનમાં પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ગીત, દીર્ઘકાવ્ય અને વિવેચનમાં તેમનું વિશેષ પ્રદાન છે. 'ઝાલર વાગે જૂઠડી', 'શિખંડી', 'તુણ્ડિલતુણ્ડિકા' તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'અભિપ્રેત' 'નિવેશ', 'રેડિયો નાટક સ્વરૂપ સિદ્ધાંત', 'સૉનેટ' તેમના વિવેચન ગ્રંથો છે. તેમને ગુજરાતી સાહિત્ય અકાદમીના પુરસ્કારો અને ગુજરાત રાજ્યનો સાહિત્ય ગૌરવ એવોર્ડ એનાયત થયા છે.

ગુજરાતના મહિમાનું વર્ણન કરતાં કાવ્યોમાં આ એક વિશિષ્ટ કાવ્ય છે. ગુજરાતી હોવાના ગૌરવથી ગીતરચનાની શરૂઆત થાય છે. પ્રકૃતિએ સર્વ વિશેષતાઓથી ગુજરાતને રળિયાત કર્યું છે. અહીં નદીઓ, પહાડો, રણ, જંગલ અને સમુદ્ર બધું જ મળ્યું છે એ કારણે ગુજરાતી પ્રજાનું ખમીર ખીલી ઊઠ્યું છે. અહીં ગાંધી-સરદાર જેવા પ્રેરણા પુરુષો પાક્યા છે જે સદીઓ સુધી વિશ્વને જ્યોત બનીને માર્ગ બતાવતા રહેશે. ગુજરાત સંતો અને શૂરવીરોની ભૂમિ છે. સિંહો જેવી અનેક વિરલ પ્રજાતિને ગુજરાતની પ્રજાએ સાચવી છે. એની સાંસ્કૃતિક વિરાસત પણ અનન્ય છે. આ બધું જ હોવા છતાં ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન નહિ પણ ભારતમાતાના એક અંશ હોવાના ગૌરવ સાથે ગીત વિરમ્યું છે. ગુજરાત એની સમગ્ર વિશેષતાઓ સાથે આ ગીતમાં નિરૂપાયું છે.

હું એવો ગુજરાતી,
જેની;
હું ગુજરાતી એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી...
અંગે અંગે વહે નર્મદા, શ્વાસોમાં મહીસાગર,
અરવલ્લીનો પિંડ, પ્રાણમાં ધબકે છે રત્નાકર;
હું સાવજની ત્રાડ, હું જ ગરવી ભાષા લચકાતી ...હું એવો ગુજરાતી...
નવરાત્રિનો ગર્ભદીપ હું, હું શત્રુંજય-શૃંગ,
સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલ તેજનો ભૃંગ;
હું ગિરનારી ગોખ, દ્વારિકા હું જ સુધારસ પાતી ...હું એવો ગુજરાતી...
દુહા-છંદની હું રમઝટ, હું ભગવું ભગવું ધ્યાન,
મીરાંની કરતાલ હું જ, હું નિત્ય એક આખ્યાન;
વિજાણંદનું હું જંતર, હું નરસૈંની પરભાતી ....હું એવો ગુજરાતી...
હું ગાંધીનું મૌન, હું જ સરદાર તણી છું હાક,
હું જ સત્યનું આયુધ જેની દિગ્‌દિગંતમાં ધાક;
હું સંતોનું સૌમ્ય સ્મિત, તલવાર શૂરની તાતી ...હું એવો ગુજરાતી...
હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર,
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર;
હું કેવળ હું હોઉં છતાં, હું સદા હોઉં મહાજાતિ ...હું એવો ગુજરાતી...

શબ્દ-સમજૂતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

રત્નાકર-સમુદ્ર, રત્નોના ભંડારરૂપ સાગર; **સાવજ**-સિંહ; **સુધા**-અમૃત; **આયુધ** શસ્ત્ર, હથિયાર; **પિંડ**-આકાર, ઘાટ; **ભૃંગ**-ભમરો, ભ્રમર; **પ્રાણ**-શ્વાસ (અહીં) અસ્તિત્વ; **ફૂલે**-વિકસે

તળપદા શબ્દો

પરભાતી-પ્રભાતિયાં; **જંતર**-વાજિંત્ર (તંતુવાદ્ય)

વિરુદ્ધાર્થી શબ્દો

ધવલ × શ્યામ; **સુધા** × વિષ; **સ્મિત** × રુદન; **આશિષ** × અભિશાપ

શબ્દસમૂહ માટે એક શબ્દ

નવ રાત્રીઓનો સમૂહ-નવરાત્રી

સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) આ કાવ્યમાં કઈ નદીનો ઉલ્લેખ થયો છે ?

(A) શેત્રુંજી (B) મચ્છું

(C) તાપી (D) નર્મદા

(2) આ કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને શા માટે યાદ કરે છે ?

(A) કવિતા માટે (B) પ્રભાતિયાં માટે

(C) ભક્તિ માટે (D) ભજન માટે

2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :

(1) આ કાવ્યમાં કવિ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની કઈ વિશેષતાને યાદ કરે છે ?

(2) કવિની છાતી શા માટે ગજ ગજ ફૂલે છે ?

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :

(1) સત્યના આયુધની કઈ વિશેષતા છે ?

(2) ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?

4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :

(1) આ કાવ્યમાં ગુજરાતી પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં-કયાં કારણોસર અનુભવે છે ?

(2) કાવ્યપંક્તિ સમજાવો -

''હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર''

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- ગુજરાતની વિશેષતા દર્શાવતું ''ગુજરાત દર્શન'' નામનું પ્રદર્શન શાળામાં ગોઠવો. એક એક પ્રદેશનું પ્રદર્શન પણ ગોઠવી શકાય. દા.ત. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન.
- શેણી-વિજાણંદની વાર્તા 'સૌરાષ્ટ્રની રસધાર'માંથી વાંચી વર્ગખંડમાં કહો.
- ગુજરાતગૌરવનાં અન્ય ગીતો ઈન્ટરનેટના માધ્યમથી મેળવી વર્ગખંડમાં સંભળાવો.

  દા.ત. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,

  હું ગુર્જર ભારતવાસી
- દુહા-છંદનું ગાન કરો.
- વર્ષમાં કોઈપણ એક દિવસે ''ગુજરાતી દિન''ની ઉજવણી કરવી. તેમાં ગીત-નાટક-વેશભૂષા-નૃત્ય-પ્રદર્શન વગેરે રાખી શકાય.

ભાષા-અભિવ્યક્તિ

- આ કાવ્યનો ઉઘાડ જ અનોખો છે. 'જેની' સાપેક્ષ સર્વનામથી આ કાવ્ય શરૂ થાય છે. ગુજરાતી તરીકેની ઓળખ અપાતી જાય છે અને 'હું એવો ગુજરાતી' શબ્દો સાથે કાવ્ય પૂર્ણ થાય છે.
- અર્થને અનુકૂળ શબ્દવૈભવ કરવામાં કવિ કુશળ છે. એમણે ગૂંથેલાં શબ્દગુચ્છ જુઓ... 'શત્રુંજય શૃંગ', 'તેજનો ભૃંગ', 'સરદાર તણી છું હાક', 'દિગદિગંતમાં ધાક', 'શ્વાસોમાં મહીસાગર', 'પ્રાણમાં ધબકે રત્નાકર'.
- 'ગાંધીનું મૌન' અને 'સરદારની હાક', 'સૌમ્ય સ્મિત' અને 'તલવાર તાતી' જેવા વિરોધાભાસી અર્થો ધરાવતા શબ્દપ્રયોગો એક જ પંક્તિમાં છે જે આ કાવ્યની નોંધનીય બાબત છે.
- 'હું સત્યનું આયુધ, જેની દિગદિગંતમાં ધાક'. આ અદ્‌ભુત પંક્તિમાં કવિએ સત્યને (એટલેકે પોતાને, એક ગુજરાતીને) આયુધનું રૂપક આપ્યું છે. જગતના ઈતિહાસમાં અનેક આયુધો આવ્યાં છે અને આવશે પણ ગાંધીજીની આગેવાનીમાં સફળતાથી ચલવાયેલા આ આયુધની અસર કેવી ? કવિ તો કહે છે, 'જેની દિગદિગંતમાં ધાક' સત્યરૂપી શસ્ત્ર હોય અને એની ધાક હોય ! કલ્પના જ કેટલી સુંદર છે !

શિક્ષકની ભૂમિકા

ગુજરાત અને ગુજરાતીઓનું ગૌરવ દર્શાવતા આ કાવ્યમાં કવિએ ગુજરાતના વિસ્તારો, મહાનુભાવો, તીર્થસ્થાનો, સાધુ-સંતો, દેશભક્તો અને યોદ્ધાઓની શૂરવીરતાની યશગાથા રજૂ કરી છે. તે વિશે ઉદાહરણો આપી વિસ્તૃત ચર્ચા કરવી.

અરવલ્લીનો પિંડ, ભગવું ધ્યાન, મીરાંની કરતાલ, નિત્ય એક આખ્યાન, ગાંધીનું મૌન, સરદારની હાક, વિજાણંદનું જંતર, સત્યનું આયુધ જેની દિગદિગંતમાં ધાક જેવા શબ્દસમૂહો જે - તે સંદર્ભો સાથે મૂક્યા છે તે અંગેની સ્પષ્ટતા વિદ્યાર્થીઓને કરવી.

વિદ્યાર્થીઓમાં વતનપ્રેમ, દેશભક્તિની ભાવના વિકસે એવું વાતાવરણ સર્જવું.

●